


## સલામી સવારની..

*બહુમતિ સામે કદી જીભ ખોલાય નહીં,*
*સત્તા-સરકાર સામે સાચું બોલાય નહીં,*
*તોલાય નહીં સાચો ન્યાય, શ્રી પારડીવાલા!!*
*એની નીતિ, ખાયકીનાં ફીફાં ફોલાય નહીં!*

*હવે એમને -*
*જેટલીના 'વકીલ',*
*થવું પડશે!*

*રણમાં બેસી*
*એ રાજકારણનાં*
*શોધે કારણ...*

## ચિંતન

**પાની બિચ મીનપિયાસી, મોહિ સુન સુન આવત હાંસિ,**
**આતમ જ્ઞાન વિના સબ સુના, કયા મથુરા કયા કાશી.**

તીર્થસ્થાનોની યાત્રા એટલે પરમ પુણ્ય કાર્ય તેવી સર્વસાધારણ ધારણા છે. પરંપરા સમજ્યા વિના આંધળું અનુકરણ કરનારને કબીરજી આત્મજ્ઞાનનું મહત્ત્વ સમજાવે છે.

જો વ્યક્તિને આત્મદર્શન ન થા તો જિંદગીમાં ખાલીપો જ બચે છે. યાત્રામાં મથુરા કે કાશી ભલે જાય પણ તેનાથી કોઈ લાભ થતો નથી. આત્માની ઓળખ માટે તીર્થોમાં ભટકવાને બદલે આંતરખોજ કરવી જરુરી છે.

આ દેશમાં હજારો તીર્થસ્થાનોમાં લાખો લોકો કીડીયારાની જેમ ઊભરાય છે. સમય, ધન અને સાધનોનો વ્યય કરી હકીકતે કોઈને ધાર્મિક કે આધ્યાત્મિક લાભ થતો નથી, કબીરજી એક એવી ઉપમા આપે છે કે, જે એક કહેવત બની ગઈ છે. 'પાનીમેં મીન પિયાસી' જેનું જીવન જળમાં જ છે તેને વળી તરસ કેવી?

કબીરજીની કલ્પના છે કે, સતત જળમાં વિહરતી માછલીની તરસ કેટલી તીવ્ર છે કે બહાર કાઢતાંની સાથે તૃષાતુર થઈ જાય છે.

આપણે આંતરખોજ નથી કરતાં તેથી અંદર પડેલા સત્વ કે સત્યને પામી નથી શકતા.

## સુવિચાર

- એક આંસુ કોકનું ઊછીનું લીધું, જો ખુદા, કેવી ઈબાદત થઈ ગઈ, આપના સામે કોઈ કારણ વગર, બસ આજ મારે અદાવત થઈ ગઈ - **ઉર્વીશ વસાવડા**
- લોકો કહે છે શાંતિ સર્વત્ર હોય તો તો મને જ કેમ શાંતિ નથી... પણ સૂર્ય ઉગતો હોય ત્યારે તમે અવળા ફરીને ઊભા રહો તો તમને સૂર્યપ્રકાશ ન મળે એવું છે - **એસ. ભટ્ટાચાર્ય**
- તમે હારી જાવ એની મને ચિંતા નથી, પણ હારીને બેસી જાવ એની મને ચિંતા છે - **અબ્રાહમ લિંકન**
- ભવિષ્યનું કામ જ જોખમી બનવાનું છે - **ટોલ્સ્ટોય**
- પોતાના જ દોષથી જેઓ જીવનમાં સફળ થઈ શકતા નથી તેઓ પારકાના દોષ નિહાળે છે - **સરદાર પટેલ**
- સાચી બાબતોનો વિરોધ ન કરવાથી વિશ્વમાં દુર્જન માણસોને નકામું બળ મળે છે - **સંત રોબિન**
- **આજનું ઔષધ : ધોડાવજ ચૂસવાથી રોગ પ્રતિકારક શક્તિ વધે છે.**

(સંકલન : દીપક વી. આસરા)

## બોધકથા

આપણે બાળકને સારી રીતે ભણાવવા ખૂબ ડોનેશન આપી સારી સ્કૂલ-કૉલેજમાં એડમીશન મેળવી દે છે. પુસ્તકો-નોટ (ચોપડા) જે કંઈ માગે તેમાં કચાસ રાખતા નથી. ટ્યૂશન-વાહન-મોબાઈલ પણ આપવામાં માતા-પિતા પાછળ પડતા નથી.

એક બાળક છેલ્લી પાટલી પર બેસી કંઈક વિચાર ચિંતામાં હતો. શિક્ષકે તેને પ્રશ્ન પૂછ્યા તો પણ તેનું ધ્યાન ન હતું. રિશેષ પડી. શિક્ષક એ બાળક પાસે ગયા અને પૂછ્યું તને શી ચિંતા છે? વર્ગમાં તારું ધ્યાન કેમ ન હતું? તારાં માતાપિતાન તબિયત સારી છે ને?

બાળક કહે - ટીચર, મારા પિતા ને ભણાવવા માટે અને ઘરના સુખ સુવિધા માટે આખો દિવસ સવારથી સાંજ ખૂબ મહેનત કરે છે આખો દિવસ તડકો-ટાઢ જોયા વિના બાંધકામની 'સાઈટ' પર જ હોય છે.

ટીચર કહે તો મમ્મી તરફથી કંઈ તકલીફ છે?

બાળક કહે, ના-ના, મમ્મી તો સતત મને મદદરુપ થવા ચિંતા કરે, ઘરકામ-રસોઈ તો ખરાં જ સાથે પોતાનો સંગીતના શોખની પ્રવૃત્તિઓ-આખો દિવસ બિમારી દોડાદોડમાં રહે છે.

ટીચર કહે - તો તને ચિંતા શેની છે?

બાળક - એ બંને મારા માટે દોડાદોડ કરે છે એમાં કોઈ બિમાર ન પડી જાય એની મને ચિંતા રહે છે.

# નાક કાપીને અપશુકન કરાવે એનુ નામ પાકિસ્તાન

## તંત્રીસ્થાનેથી....

એક તરફ કચ્છના સફેદ રણમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દેશભરના પોલીસ વડાઓની પરિષદ યોજી રહ્યા હતા અને બીજી તરફ કચ્છના જ જખૌ બંદરના દરિયામાં સૌરાષ્ટ્રના માછીમારોને એકે-૪૭ની અણીએ સિત્તેર માછીમારોને એમની હોડીઓ સાથે પાકિસ્તાન મરીન એજન્સીએ ઝબ્બે કર્યા. એમને ઢોર માર મારીને કરાંચી લઈ જવાયા. ભાગવાની કોશિશ કરી રહેલી એક બોટ પર ફાયરીંગ કરતાં એણે જળસમાધિ લીધી. ભારત સરકાર માટે આથી મોટી અપમાનજનક પરિસ્થિતિ કઈ હોઈ શકે? મોદી મોટા ઉપાડે દેશના 'ડીજીપી'ઓને ધોરડોમાં લઈ આવ્યા અને દેશની સરહદોની સુરક્ષા અંગે મોટી મોટી વાતો થઈ. પરંતુ એમની પોલીસ ગુજરાતી માછીમારોને પાકિસ્તાની મરીન એજન્સી દ્વારા પકડી ગઈ અને રોકી નથી શકી. ગુજરાત કોસ્ટ ગાર્ડ દ્વારા શંકાસ્પદ પાકિસ્તાની બોટ પર ફાયરિંગ થયું અને એણે જળસમાધિ લઈ લીધી એ વેરની વસૂલાત કરવાની કોઈ પણ તક પાકિસ્તાનની નૌસેના જતી કરતી નથી. આ પહેલાં પણ કેટલાક માછીમારોને ઊંડા દરિયામાં આંતરરાષ્ટ્રીય સીમામાંથી પાકિસ્તાન મરીન્સ પકડી ગયા હતા. માછીમારો માટે આ આજીવિકાનું સાધન છે અને દેશની દરિયાઈ સીમા કયાં સમાપ્ત થઈ જાય છે, એનું પણ કયારેક વધુ માછલીઓ પકડવની લાયમાં ભાન ન રહેતું હોય તે બનવા જોગ છે. પરંતુ એમની પાસે દરિયાઈ શિસ્ત પળાવવાની જવાબદારી પણ ભારતીય નૌકાદળની અને ગુજરાત પોલીસની જ ગણાય. પાકિસ્તાન એવી એક પણ તક જતી કરતું નથી જયાં ભારતને નીચું ઘલાવવાની શક્યતા રહે. એટલે મિયાં નવાઝ શરીફ ભલે એમના ભારતીય સમોવડિયા - વડાપ્રધાન સાથે ગુફ્તેગૂ કરે, સંબંધો સુધારવાની દિશામાં આગળ વધવાની તૈયારી દર્શાવતા ફરે, પરંતુ નવાઝ શરીફનું એમના ઘરઆંગણે કેટલું ઉપજે છે તે પ્રશ્ન જ છે! પાકિસ્તાન સરકાર ઉપર પાક આર્મીની આણ વરતાતી રહી છે. અત્યાર સુધીમાં દેશમાં ચાર ચાર વખત આર્મીએ બળવો કરીને લોકપ્રિય સરકારનો ઉથલાવેલી છે. ખુદ નવાઝ શરીફે જયારે તત્કાલીન વડાપ્રધાન અટલબિહારી વાજપેયીને ઉમળકાપૂર્વક લાહોર નોતર્યા હતા ત્યારે આર્મી ચીફ મુશર્રફે અવિવેકી વ્યવહાર કર્યો હતો અને એ પછી થોડા જ વખતમાં નવાઝ શરીફને ઉથલાવીને મુશર્રફ સત્તાના સિંહાસન પર ચઢી બેઠા હતા. કારગિલનું અણધાર્યું આક્રમણ એ વાજપેયી અને નવાઝ શરીફ બેઉની બેઈજ્જતી હતી. આજકાલ નવાઝ શરીફ પર પાક આર્મી ચીફ રાહિલ શરીફ આવી જ જોહુકમી ચલાવી રહ્યા છે. આર્મી ચીફ આજકાલ પાકિસ્તાનમાં 'હીરો'ની જેમ પ્રશંસા પામી રહ્યા છે એટલે નવાઝ શરીફની જગ્યા કયારે પડાવી લેશે, તે કહેવાય નહીં! એક તરફ બે દેશો વચ્ચે સેક્રેટરી કે વિદેશમંત્રી સ્તરની વાટાઘાટો ચાલતી હોય ત્યારે જ બરાબર ઘાટ રાખીને સરહદો પર ઘૂસણખોરી વધારી દેવાય છે. ભારતના સીમાડા સળગતા રહે, કાશ્મીરમાં ભારતીય જવાનો શહિત પ્રજાજનો શહીદ થતા રહે અને અલગતાવાદીઓ પાક ઝંડા લહેરાવતા રહે એમાં જ પાક આર્મી અને આઈએસઆઈને રસ છે. આઠસોથી વધુ માછીમારોને પાકિસ્તાન પાસેથી છોડાવવા માટે ભારત સરકારે સામે દયામણું અને ઓશિયાળું મોઢું લઈને જ ઊભું રહેવું પડે એવી પરિસ્થિતિ પ્રવર્તી રહી છે શું આ પાકિસ્તાન કયારેક ભારત સાથે સાચા અર્થમાં સુમેળભર્યા સંબંધો માટે તૈયાર હોઈ શકે?

# સર્વ કવિ ટકે શેર : એ તો કાળો કેર છે




ભૂજની વ્રજભાષા પાઠશાળા એ માત્ર કચ્છનીજ નહિ પરંતુ પશ્ચિમ ભારતની એક સુપ્રસિધ્ધ સંસ્થા હતી. કવીશ્વર દલપતરામે 'બુધ્ધિપકાશ' માં ઉલ્લેખ કર્યો છે કે વ્રજભાષા પાઠશાળા ભૂજ જેવું કાર્ય કર્યુ હોય અને અવિસ્મરણિય યોગદાન આપ્યું હોય તેવી સંસ્થા વિશે કદી સાંભળ્યું નથી કે આવી કોઈ અન્ય વિદ્યાપીઠ જોવા પણ મળી નથી. કવિશ્રીએ જે સંસ્થાના આવા ગુણગાન લખ્યા છે તે વ્રજભાષા પાઠશાળા માત્ર કચ્છનું જ નહિ પરંતુ સમગ્ર ગુજરાતનું ગૌરવ વધારે તેવી અનોખી શૈક્ષણિક સંસ્થા હતી. બસ્સો વર્ષ સુધી કવિઓ તૈયાર થાય તેવી કોઈ સંસ્થાગત વ્યવસ્થા એક રાજવી તથા તેના રાજ્યકવિની દીર્ઘદ્રષ્ટિથી સ્થાપવામાં અને કાર્યરત રાખવામાં આવે તે ઈતિહાસની એક વિશિષ્ટ ઘટના છે. કાવ્યશાસ્ત્ર ઉપરાંત અનેક વિષયોનું શિક્ષણ આપતી આ પાઠશાળા જીવનના સર્વાંગી તથા સંસ્કારયુક્ત શિક્ષણની એક અદ્વિતિય વ્યવસ્થા હતી. આપણો દેશ સ્વતંત્ર થયો તે ગાળામાં આ સંસ્થા બંધ થઈ. પાઠશાળાના અંતિમ આચાર્ય તરીકે સુપ્રસિધ્ધ કવિ શ્રી શંભુદાનજી અયાચી કાર્ય કરતા હતા. જોકે આ બંધ થયેલી સંસ્થાનું શિક્ષણ સદાકાળ સાંપ્રત ગણાય તેવું હતું. આથી આવી સંસ્થાનો સૂર્યાસ્ત થાય તે અનેક સાહિત્ય અને શાસ્ત્રોના ઉપાસકોને ઉચિત લાગ્યું નથી પરંતુ તે વાસ્તવિકતાનો સ્વીકાર કરવો રહ્યો. ખાસ તો જ્યારે શિક્ષણમાં એકંદર ગુણવત્તાના અભાવનો પ્રશ્ન જ્યારે આજે આપણને પજવે છે ત્યારે આ વ્રજભાષા પાઠશાળાની ઊંચી ગુણવત્તા ફરી ફરી સ્મૃતિમાં આવ્યા કરે છે. કચ્છના શિરમોર કવિ દુલેરાય કારાણી તથા ઈતિહાસવિદ્ રામસિંહજી રાઠોડના મતે ભૂજની વ્રજભાષા પાઠશાળાનું અનેક જીવન વિષયક તથા સાંપ્રત વિષયોમાં નોંધપાત્ર પ્રદાન છે.

કવિઓ જન્મ ધારણ કરે છે. કવિઓનું નિર્માણ થતું નથી. આ એક સ્થાપિત થયેલી અનુભવજન્મ માન્યતા છે. આ માન્યતાથી જુદી રીતે વ્રજભાષા પાઠશાળામાં અનેક કવિઓનું નિર્માણ બસ્સો વર્ષના તેના ઉજળા ઈતિહાસમાં થયું છે તે અહોભાવ પ્રેરક ઘટના છે. પશ્ચિમ ભારતમાં ખૂણે ખૂણે આ સંસ્થાની ખ્યાતિ પ્રસરેલી હતી. દૂર સુદૂરથી વિદ્યાપ્રાપ્તિ માટે સરસ્વતીના ઉપાસકો અહીં આવતા હતા. સ્વામીનારાયણ સંપ્રદાયના મહાન ભક્ત અને મોટા ગજાના કવિ બ્રહ્માનંદસ્વામી ભૂજની આ પાઠશાળામાંજ શિક્ષા દિક્ષા પામ્યા હતા. ખાણ- રાજસ્થાનથી લાડુદાનજી આટલે દૂર કચ્છમાં આવ્યા અને કાવ્યતત્વના પાઠ શીખ્યા તે દર્શાવે છે કે આ સંસ્થાના આકર્ષણથી અનેક પ્રદેશ - ભાષા કે પરંપરામાં જીવન ગાળતા મરમી લોકો માટે વિદ્યાના ધામ જેવી આ પાઠશાળા હશે. લાડુદાનજી સહજાનંદ સ્વામીના પારસમણી સ્પર્શથી બ્રહ્માનંદસ્વામી બન્યા અને એક તેજસ્વી તારકની જેમ આજે પણ તેમના કાવ્યો થકી જીવંત છે અને ઝળહળે છે.

કવિ દ્રષ્ટા અને સૃષ્ટા છે. આચાર્ય આનંદશંકર ધ્રુવ લખે છે તેમ કવિ એ સામાન્ય જનની જબાન છે. આવા કવિનો જશ ગાતા ભર્તુહરી મહારાજે તેમના સુપ્રસિધ્ધ શ્લોકમાં કવિની કીર્તિ વૃધ્ધત્વ પામતી નથી કે વિલાતી નથી તેમ કહેલું છે. કવિ તથા લોકસાહિત્યકાર પિંગળશીભાઈ લીલાએ આજ વાત તેમના સુંદર શબ્દોમાં મૂકી છે.

**કવિ ઇશને આભમાંથી ઉતારે**
**કવિ સ્નેહીઓને હમેશા સંભારે**
**કવિનો કરું જોખ શા તોલ સામે**
**કવિ જન્મ લે છે ન તે મૃત્યુ પામે.**

સમાજે દરેક સમયે કવિઓને ભાવથી વધાવ્યા છે. કવિ રમેશ પારેખના સન્માનમાં થયેલા અમરેલીના અનેકવિધ કાર્યક્રમો કે શબ્દો મરમી બાબુભાઈ રાણપુરાને વધાવવા સુરેન્દ્રનગરના લોકોએ દર્શાવેલો સ્વયંભૂ ઉત્સાહની વિગતો એ તાજેતરનોજ ભૂતકાળ છે. કવિઓના કવિ દલપતરામ અને એ સમયના એક રાજવી વચ્ચેનો સંવાદ આજે પણ આ સંદર્ભમાં કવિના સ્વાભિમાનની શાક્ષી પૂરે છે. કવીશ્વર દલપતરામ એક રાજાના દરબારમાં જાય છે તથા રાજા જાણે છે કે દલપતરામ જાણીતા કવિ છે. રાજા વ્યંગ કરતા કવીશ્વરને કહે છે :

**એક શહેરનો રાય**
**કહે સુણો કવિરાય**
**ઘણાં તમ જેવા અહીં**
**કવિ ઘેર ઘેર છે**
**અહીં તો આ સમયમાં**
**કવિ ટકે શેર છે.**

રાજવીએ આ અનુચિત વિધાનનો પ્રહાર કદાચ ખોટી જગાએ કર્યો હતો. આવો વ્યંગ સાખીલે તો ફાર્બસના સખા દલપતરામ શાના ? કવિ રાજવીને રોકડું પરખાવે છે :

**અનુસંધાન પાના નં. ૭ પર**

# રાત કો ચલતી રહતી હૈ મોબાઈલ પર ઉંગલીયા સીને પર કીતાબ રખકે સોયે કાફી વક્ત હો ગયા...




પિયૂષ મિશ્રા દ્વારા લખાયેલી આ પંક્તિને આજે આપણે સૌ અનુભવીએ છીએ...

નાના હતા ત્યારે વિજ્ઞાન શાપ કે અભિશાપ એવા નિબંધમાં ગોખેલું ઠાસી ઠાસીને લખી આવતા હતા... પરંતુ મોબાઈલ રુપી વિજ્ઞાનની પ્રગતિએ ખરેખર આપણને શાપ-અભિશાપની ટીપીકલ વ્યાખ્યાથી ઉપર વિચારવા મજબૂર કરી દીધા છે.

આજે સ્માર્ટફોન હોવો ખૂબ જરુરી છે... Online રહેવું આવશ્યકતા છે... મોબાઈલમાં ટોકટાઈમ રીચાર્જ નહીં હોય તો ચાલશે પરંતુ નેટ રીચાર્જ કરાવવું અતિ આવશ્યક છે.

કહેવાતી પ્રગતિ તરફની દોડમાં આપણે એટલા ભાગ્યા એટલા ભાગ્યા કે પાછળ જે છૂટતું ગયું તે હવે પકડી શકવું કપરું બન્યું છે... આવશ્યકતા અને લકઝરી વચ્ચે બેલેન્સ કરવાનું વિવેકભાન આપણે વિસરી ચૂક્યા છીએ... અને તેમાં સૌથી વધુ ભોગવવાનું આવનારી પેઢીને પડશે... પુસ્તકો, સામાયિકો, વર્તમાનપત્રો વાંચવાનો ટ્રેંડ વિસરાતો જાય છે... પુસ્તક વંચાતા નથી...

વિદ્યાર્થીઓને પુસ્તક વાંચવાનું કહીએ તો તેઓ ફક્ત અભ્યાસક્રમની જ યાદ આવે છે... અડુકિયો, દડુકિયો, ચંપક, નિરંજન, ચાચા ચૌધરીની કોમિક્સ વગેરે તો હવે જાણે દંતકથા જ બની ગયા છે... કોઈ ઘરે ગયા હોઈએ, ત્યારે ઘરનો બાળક કોઈ ઈતર એટલે કે અભ્યાસક્રમ સિવાયનું પુસ્તક લઈને વાંચતો દેખાય... તો સમજવું કે આ ઘર અને ઘરના વડીલો વંદન કરવા લાયક છે...

વાંચવા બેસવું, પુસ્તક હાથમાં લેવું... તેની અંદરની વાર્તા કે રસપ્રદ લેખ વાંચવાં જેટલી ફુરસદ અને તેટલી નિરાંત કયાં કોઈ પાસે છે! બધું ઈન્સ્ટન્ટ જોઈએ છે... તરત જ... પહેલાં ધારાવાહી નવલકથા આવતી હતી... તે પણ હવે ઓછી થતી જાય છે... નવલિકાઓ વધતી જાય છે... બધું લાંબુ લાંબુ મોટું મોટું વાંચવું જ નથી કોઈને! આ રવિપૂર્તિમાં વાંચેલ નવલકથાનો ભાગ આવતા રવિવાર સુધી યાદ રાખીને મમળાવીને પાછું રાહ જોતા રહેવાની નિરાંત કયાં રહી છે! અધિરાઈના આ જમાનામાં એકી બેઠકે ઉપરછલ્લુ વાંચીને મૂકી દેવાનો જમાનો છે...

ઉપરછલ્લાનો જમાનો છે... ઉપરછલ્લું વાંચવાનું, ઉપરછલ્લું સમજવાનું, ... ઉપરછલ્લું બોલવાનું, ઉપરછલ્લું હસવાનું... ઉપરછલ્લા સંબંધો સાચવવાના... કયાં જઈ રહ્યા છીએ આપણે...? ખાસ કરીને જે સંસ્કૃતિના સાહિત્યમાંથી પેઢીને રસ ઓછો થતો જાય ત્યારે સંસ્કૃતિનો વિનાશ નજીકમાં જ સમજવો... રુટીન ગુજરાતી અખબાર કે નોર્મલ ગુજરાતી બુક ન વાંચતી આજની પેઢીને આપણે ક.મા.મુનશી કે ઝવેરચંદ મેઘાણી વાંચવાનું કેવી રીતે કહીશું?

'પુસ્તક પરબ' ચલાવતા મારા બિરાદરો ને અઢળક અભિનંદન કે રણમાં મીઠી વીરડી સમાન આવું કાર્ય કરીને કાંઈક 'વાક્-દેવી'નું ઋણ ફેડવાનું આશ્વાસન લઈ રહ્યા છે.

'વાંચન-વર્ગો' ચલાવવા પડે, તેવી સ્થિતિ આવી ગઈ છે.. નિરાંતે બેસીને ઝવેરચંદ મેઘાણીના પુસ્તકનું એક પ્રકરણ સંભળાવવાના કલાસ ફરજિયાત રાખવા જરુરી બન્યા છે... અને રખે ને માનતા કે આજની english medium પેઢીને ગુજરાતી પુસ્તક કે સામાયિકનો અપચો છે... તેમને શેક્સપિયર અને વુડ્ઝવર્થથી પણ એટલું જ છેટું છે... ટી.એસ. એલિયેટથી પણ તેમને અપચો થાય છે...

માટે જ કહેવું પડે એમ છે કે જયારે સાહિત્યની સમજ અને સાહિત્ય પ્રેમ ન રહે ત્યારે ધીરે-ધીરે વ્યક્તિ સંવેદના અને લાગણી શૂન્ય બનતો જાય છે... ઉપરછલ્લા... વાળી માનસિકતા વાળો...

પુસ્તક માટે તલસાટ હોવો જોઈએ... મારા એક મિત્ર જયારે મળે ત્યારે પૂછે કે આજકાલ શું વાંચો છો? આવા પ્રશ્નો આજકાલ પુછાય છે ખરા? પુસ્તકો તો બિચારા શોભાના ગાંઠીયાની જેમ શૉકેસમાં પડ્યા રહ્યા છે... દેખાવ પૂરતા... હમણાં ગુલઝારજીની સરસ કવિતા વાંચવા મળી....

કિતાબે ઝાંખતી હૈ બંધ અલમારી કે શીશો સે
બડી હસરત સે તકતી હૈ
મહિનો અબ મુલાકાતે નહીં હોતી
જો શામે ઉનકી સોબત મેં ગુઝરા કરતી થી
અબ અકસર ગુજર જાતી હૈ કમ્પ્યુટર કે પર્દો પર...
બડી બેચેન રહતી હૈ કિતાબેં
ઉન્હેં અબ નીંદ મેં ચલને કી આદત હો ગઈ હૈ...
ઝબાં પર ઝાયકા આતા થા જો સફા પલટને કા
અબ ઉંગલી કિલ્ક કરને સે બસ એક જબ્કી ગુજરતી હૈ...
કભી સીને પર રખકર લેટ જાતે થે, કભી ગોદી મેં
લે તે થે... વો સારા ઇલ્મ તો મિલતા રહેતા આઈંદા ભી
મગર વૉ જો કિતાબોં મેં મિલા કરતે થે
સૂખે ફુલ ઔર મહકતે રુપયેં
કિતાબેં માંગને, ગિરને, ઉઠાને કે બહાને
રિશ્તે બનતે થે ઉનકા કયા હોગા...

ગુલઝારની આ કવિતા થોડામાં ઘણું કહી જાય છે. હજી પણ જાગી જવાની જરુર છે... નહીંતર આપણી આ ભૂલ આગળ ખૂબ ભારે પડશે...

W. સં. સે. -

પત્ની - દેખો મૌસમ કિતના હસીન હૈ, તુમ્હારા કયા પ્લાન હૈ...? પતિ - મેરા તો વહી હૈ ૧૭૮ મેં ૧ GB કા ૨૮ દિન કે લિયે...!

- jayuoza@gmail.com

# સામેના માણસની જરૂરિયાતને સમજીને તેની એ જરૂરિયાત એનું સ્વમાન સચવાય એ રીતે પૂર્ણ કરવામાં આપણે નિમિત્ત બનીએ તો હંમેશા હૈયે આનંદનો અનુભવ થાય છે




'સોસાયટીની સિક્યોરીટી કોઈ ધ્યાન આપતી નથી ને તોય પાછા આપણા જ મિત્રો એમને ચા-પાણીને નાસ્તો પણ કરાવે છે.'

એક ભાઈએ સોસાયટીની મીટીંગમાં કહ્યું ને અભિષેકને ખ્યાલ આવી ગયો કે ગર્ભિત ઈશારો પોતાના તરફ છે.

વાત જાણે એમ છે કે ગામડા ગામમાંથી રોજેરોજ મહાનગરમાં વસવાટ માટે લોકો આવી રહ્યા છે. આસપાસના નાના-નાના નગરોના લોકો પણ ધંધા-રોજગાર અર્થે મહાનગરોમાં વસી રહ્યા છે. આવું જ એક મહાનગર એટલે મેગાસીટીનું રુપ ધારણ કરી ચુકેલું અમદાવાદ. સતત વિકસતા જતા અમદાવાદમાં આવી વસેલા લોકોને સમાવવા બિલ્ડરોએ રહેણાંકની અને કોમર્શિયલ સ્કીમો બનાવવા માંડી, પહેલા તો નાની-નાની સોસાયટી હતી હવે સોસાયટીઓમાં પણ ૩૦૦-૪૦૦ થી લઈને ૮૦૦-૧૦૦૦ સુધીના ફલેટ્સ બનવા માંડ્યા છે. આટલી મોટી સંખ્યામાં બનેલા ફલેટ્સમાં રહેનારા લોકોની કુલ સંખ્યા ગણો તો એક ગામ જેટલી જ થઈ જાય. એટલે એ સોસાયટીના પાયાના પ્રશ્નો જેમ કે પાણી-ગટર વ્યવસ્થા-વીજળી-સલામતી વગેરે પણ જવાબદારી માંગી લે. એમાંયે હવે તો સોસાયટીમાં જ મંદિર-જીમ્નેશિયમ-રનિંગ ટ્રેક-સ્પોર્ટસ કોમ્પલેક્સ-બાગબગીચા જેવી આધુનિક એમેનેટીઝનો પણ સમાવેશ થતા આ બધાંને મેઈનટેઈન કરવા જરુરી સ્ટાફ પણ જોઈએ ને એ માટેની વ્યવસ્થાશક્તિ પણ જોઈએ. આના માટે સામાન્ય રીતે દરેક સોસાયટીમાં એક કમિટી હોય છે ને આવી એક કમિટીની બેઠક મળી હતી.

સામાન્ય રીતે દર મહિનાના બીજા-ચોથા શુક્રવારે સોસાયટીના કલબ હાઉસમાં મીટીંગ મળતી. રોજિંદા પ્રશ્નો અને વી જે કોઈ બાબતો હોય એની ચર્ચા થતી. પ્રશંગોપાત ઉજવાતા ઉત્સવોના આયોજનો થતા. સોસાયટીના તમામ બ્લોકમાંથી એક એક સભ્ય વિના ચૂંટણીએ ચુંટાઈને બ્લોકમાંથી એક પણ રૂપિયો લીધા વિના પોતાનો સમય અને સ્કીલ સોસાયટીને આપતા હતા. હજુ પાંચેક વર્ષ જ આ સોસાયટી બન્યાને થયા હતા એટલે પ્રશ્નો પણ ઓછા હતા. સૈદ્ધાંતિક રીતે વિચારભેદ હતા પણ મનભેદ ન હતા એટલે સોસાયટીના અગાઉના પાંચ વર્ષમાં કોઈ આર્થિક બાબતે કયારેય કોઈના પણ આંગળી ચીંધાઈ ન હતી એ સૌથી ઉજળુ પાસુ હતું.

છેલ્લા બે-ત્રણ મહિનાથી જે મહત્ત્વનો પ્રશ્ન સામે આવ્યો હતો તે હતો સોસાયટીના સિક્યોરીટી સ્ટાફનો. સિક્યોરીટી સ્ટાફ અંદર આવતા જાતજાતના વેન્ડરની નોંધણી નથી કરતો, મહેમાનોના વાહનો નોંધતા નથી, બહારના છોકરાઓ સોસાયટીના ટ્યૂશન કલાસમાં આવીને સાઈકલો ખડકી દે છે, વાહનો બરાબર પાર્ક નથી કરાવતા, ડબલ ડ્યુટી કરવાને કારણે સ્ટાફ રાત્રે તો ઠીક છે, દિવસે પણ ઉંઘે છે... એવા અનેક કારણોની બેઠકમાં રજુઆત થઈ. આપણે સોસાયટીની સલામતી માટે સિક્યોરીટી રાખી છે ને સોસાયટી સાવ રેઢી થઈ ગઈ છે, સિક્યોરીટી તાત્કાલીક બદલી નાખો... જેવી અનેક દલીલો કરવામાં આવી. સોસાયટીના જાગૃત સભ્યોની વાતમાં વજૂદ હતુ જ એટલે ત્યાં સુધી તો ઠીક હતું કે તો પછી આનો યોગ્ય ઉકેલ લાવીએ અને સોસાયટીને વધુ સલામત બનાવવાની કોશિશ કરીએ. પરંતુ એમાં એક જણે ટીખળ ખાતર દલીલ કરીને કહ્યું કે 'આવી સિક્યોરીટી હોવા છતાં આપણે તેમને પ્રોત્સાહન આપીએ છીએ અને આપણા જ મિત્રો એમને ચા-પાણીની સુવિધા પણ આપે છે.'

ઈશારો પોતાના તરફ છે એ વાતની પ્રતીતિ થયા પછી પણ અભિષેક મૌન રહ્યો બાકીની અન્ય બાબતો વિશે ચર્ચા પુરી થઈ પછી એણે વાતનો દોર પોતાના હાથમાં લીધો અને સહુને પ્રેમપૂર્ણ ભાષામાં સાહજિક રીતે કહ્યું 'સિક્યોરીટી સામેની ફરિયાદો જે છે તે બિલકુલ સાચી જ છે, આપણી તૈયારી છે કે કોઈ નવી-વધુ સારી કંપનીની - મોંઘી સિક્યોરીટી સર્વિસ લાવીશું. પરંતુ આપણે સિકયોરીટી સ્ટાફના પ્રશ્નો પણ વિચારવી પડશે.'

'એટલે તમે એમની ફૅવર કરો છો? એક જણે ઉશ્કેરાટથી કહ્યું.' અભિષેકે જવાબ આપ્યો. 'ના હું હંમેશા સોસાયટીની જ ફૅવર કરું અને સોસાયટીનું જ હિત જોઉં. પરંતુ મારે એટલું જ કહેવું છે કે સોસાયટીના સભ્યોએ પણ પોતાની જવાબદારી નિભાવવી જોઈએ.'

'આમાં આપણી શું જવાબદારી?' વળી એક જણે સામો પ્રશ્ન કર્યો.

'આપણે પણ સ્વયં શિસ્ત પાળવી જ પડશે. સોસાયટીના લોકોની સિક્યોરીટી - સલામતી માટે આ સ્ટાફ છે. તેમની સાથે ઉદ્ધત વર્તન ન થાય, રાત્રે ૧૨ થી ૫ માં આવનાર પ્રત્યેક વ્યક્તિએ ફરજિયાત એન્ટ્રી કરવી જ પડે, કામ કરવા આવનારની થેલી કે બેગ ચકાસે તો હોહા ન થવી જોઈએ, મારા વેવાઈ આવ્યા ત્યારે ગાડી બહાર કેમ પાર્ક કરાવી? જેવા પ્રશ્નો ન થવા જોઈએ. સળંગ આઠ-દસ કલાક કામ કરનાર માણસને થોડું રિલેક્સસેશન આપવું જોઈએ, એમની સાથે જીભાજોડી ન કરવી જોઈએ, એ પુછપરછ કરે તો તેમાં સહકાર આપવો જોઈએ - જેવી નાનીનાની બાબતો છે, જે એમના કાર્ય સાથે જોડાયેલી છે. એ બાબતે સંઘર્ષ ટાળીને સોસાયટીના સભ્યોએ જ શિસ્તપૂર્વક વર્તવું જોઈએ.'

અભિષેકે કરેલી વાતમાં ચાર-પાંચ જણે પોતાના સુર પુરાવ્યો એટલે પછી અભિષેકે કહ્યું, 'અને વાત રહી એમને ચા-પાણી કે નાસ્તો કરાવવાની તો હું જ એમને મહિનામાં બે-ત્રણ વાર એ સુવિધા આપું છું. પરંતુ તમે એ વિચાર કર્યો કે કયારે ?'

હકીકત એ હતી કે પોતાની કામગીરીના પ્રકારના કારણે અભિષેક મહિનામાં ૧૫ દિવસ મોડી રાત્રે ઘરે આવતો. સોસાયટીના ગેટ પર એન્ટ્રી કરતો. સિક્યોરીટી સ્ટાફ શિયાળાની કડકડતી ઠંડીમાં તાપણું કરીને બેઠો હોય તો થોડી વાતો કરતો. એને સહજ વિચાર આવતો કે આ સમયે ગરમાગરમ ચા પીવાનું મને મન થાય તો મારા ઘરે પત્ની ચા બનાવશે. પરંતુ આખી રાત જાગનારા આ માણસોને તો પૈસા દેતા પણ આસપાસ કયાંયે ચા નહિ મળે એટલે એ કહેતો કે દસ-પંદર મિનિટમાં મારા ઘરે એક જણ આવો ચા લઈ જાવ. એ સ્ટાફ ના પાડે તો પણ આગ્રહ કરીને ચા પીવાનું કહેતો અને પત્ની સાથે સાથે બિસ્કીટ-સેવમમરા કે ગાંઠ્યા ઘરમાં જે હોય તે મોકલતી. એ સમયે અડધી રાત્રે ગરમાગરમ ચા-નાસ્તો મળતા એ સ્ટાફને રાહત પણ રહેતીને એમની ફરજ માટેની વિશેષ જાગૃતિ પણ આવતી. સાથે મહત્ત્ની વાત એ અભિષેકને મળતો આનંદ હતો કારણ કે નાના માણસની નાની નાની પ્રાસંગિક જરૂરિયાત સમજીને કયારેક એ જરૂરિયાતો પુરી કરવામાં નિમિત્ત બન્યાની પ્રસન્નતાથી એ સભર થતો રહેતો.



આપણે ત્યાં વિવિધ પ્રકારનું કામ કરનારા અનેક માણસો છે. આ માણસો એમની આવડત થકી એમની રોજીરોટી રળે છે. આપણે એમને યોગ્ય રકમનો પગાર પણ આપીએ છીએ. એટલે એમને કશું વિશેષ આપવાનું દાયિત્વ કે જવાબદારી આપણા નથી હોતા. તે છતાં સમય-સંજોગ અને ઉપલબ્ધિ અનુસાર આપણે જો એમને કાંઈક વિશેષ ભેટરુપે આપી શકીએ તો એ ઘટના આપણને આનંદ આપે છે.

સામેના માણસની જરૂરિયાતને સમજીને તેની એ જરૂરિયાત એનું સ્વમાન સચવાય એ રીતે પૂર્ણ કરવામાં આપણે નિમિત્ત બનીએ તો હંમેશા હૈયે આનંદનો અનુભવ થાય છે.

ચોકીદાર-ડ્રાઈવર-માળી-દૂધવાળા-વિવિધ પ્રકારનું કામ કરનારા વગેરેને પ્રસંગોપાત કયારેક ચા-નાસ્તો કરાવીએ, ભોજન કરાવીએ, કોઈ નાની-મોટી વસ્તુ ભેટ આપીએ ત્યારે એમને શું થાય છે - લાભનું ગણિત એ કેવી રીતે માંડે છે એમાં ખબર નથી પડતી પરંતુ એક માણસના જીવનમાં એક નાનકડી ખુશી ઉમેરવામાં નિમિત્ત બન્યાનો આનંદ જરુર થાય છે ને આવ પળે આસપાસ અજવાળાં રેલાય છે.

**તેજપુંજ :**

**મનુષ્યનો ગુણ પોતાના ખુદના**
**સ્નેહ દ્વારા દુનિયાને સ્નેહમય**
**બનાવવાનો છે. સ્નેહાળ માણસને**
**દુનિયામાં સ્નેહના દર્શન થવા માંડે છે.**

**- વિનોબા ભાવે**